## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

## માનનીય સભ્યશ્રી શિવાભાઇ ગોહિલનો પ્રસ્તાવ

ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણા થકી "આઝાદી કા અમૃત મહોત્સવ"નો પ્રારંભ ૧૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ સાબરમતી થી દાંડી સુધીની કૂચ સાથે થયો હતો. આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે માનનીય વડાપ્રધાનશ્રીએ મન કી બાત કાર્યક્રમ દરમ્યાન "મેરી માટી મેરા દેશ"અભિયાનની જાહેરાત કરી હતી. આ અભિયાનનો હેતુ બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોને યાદ કરીને નમન કરવાનો હતો, જેમણે દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.

જેમણે પોતાનું સમગ્ર જીવન દેશની આઝાદી અને દેશની રક્ષા માટે સમર્પિત કર્યું હતુ તેવા ભારતના વીર અને વીરાંગનાઓના અમૂલ્ય યોગદાનને બિરદાવતા અને દેશની સિધ્ધિઓને દર્શાવતાં "મેરી માટી મેરા દેશ" અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા તા.૯મી ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સોનગઢ તાલુકાના ગુણસદા ગામમાં ખાસ ઉપસ્થિત રહીને કરવામાં આવ્યો હતો.

આ અભિયાનના ભાગ રૂપે આપણા રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા સ્તરે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સુરક્ષા દળોને સમર્પિત "શિલા ફલકમ્"ની સ્થાપના,પંચપ્રણ સંકલ્પ, વસુધા વંદન અને વીરો કા વંદન જેવા કાર્યક્રમોની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. તેમજ રાજયના માન. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પથદર્શક તરીકે માન. વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલી લઇ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રજાજનોનો ઉત્સાહ વધારી સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક આગળ ધપાવવા નેતૃત્વ પુરું પાડ્યું છે.

આ કાર્યક્રમમાં ગામેગામથી માટીના કળશ તાલુકા કક્ષાએ અને તાલુકા કક્ષાએથી જિલ્લામાં લઇ જવામાં આવશે. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રાષ્ટ્રમાંથી એકત્રિત થયેલ માટીમાંથી કર્તવ્યપથ ઉપર અમૃતવાટિકા બનાવવામાં આવશે. આ વાટિકા દેશના નાગરિકોને વીર શહીદોની યાદ અપાવશે અને લોકોના દિલમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરી તેને બળવત્તર બનાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. આથી આ અભિયાનના પ્રચાર પ્રસાર દ્વારા રાજ્યના તમામ લોકો તેમાં જોડાઈ જઈને દેશભક્તિના ઉત્સાહના માહોલમાં "મેરી માટી મેરા દેશ" અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા અંગે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.